પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૨૧ | ૨૧ ઓક્ટોબર, ૨૦૧૯, સોમવાર; આસો વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પોકમાં ભારતની ફરી સર્જિકલ સ્ટ્રાઈક

## ભારતીય સેના દ્વારા ૩૫ ત્રાસવાદી ઠાર, ૧૧ પાકિસ્તાની જવાન મોતને ઘાટ : સાતથી વધુ ત્રાસવાદી કેમ્પોને તોપથી બોંબ વર્ષા કરી ફુંકી મરાયા

નવી દિલ્હી, તા. ૨૦ પાકિસ્તાની સેના દ્વારા શનિવારના દિવસે ત્રાસવાદીઓને મોટાપાયે ઘુસાડી દેવાના ઈરાદા સાથે કરવામાં આવેલા ગોળીબાર બાદ આજે ભારતીય સેનાએ પાકિસ્તાનને અંદાજ ન હોય તે પ્રકારનો જડબાતોડ જવાબ આપ્યો હતો. પાકિસ્તાનની હરકત પર ભારતીય સેનાએ આજે એલઓસીના પેલેપાર તોપથી હુમલો કર્યો હતો. એલઓસી પર પાકિસ્તાન તરફથી તોપ ખોલીને અંધાધૂંધ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૩૫થી વધુ આતંકવાદીઓનો ખાત્મો થયો છે જ્યારે ૧૧થી વધુ પાકિસ્તાની જવાનો પણ માર્યા ગયા છે. પાકિસ્તાને પક્ષે ભારતના હુમલામાં ભારે નુકસાન થયું છે. અનેક ત્રાસવાદી લોંચપેંડ પણ ફૂંકી મારવામાં આવ્યા છે. આતંકવાદી કેમ્પોનો સફાયો કરવામાં આવ્યો છે. પાકિસ્તાની ત્રાસવાદીઓમાં આજના હુમલાથી ભારે ખળભળાટ મચી ગયો હતો. કેમ્પોને જોરદારરીતે ફૂંકી મારવામાં આવ્યા છે. ભારતીય સેનાએ તોપખાનાને પાકિસ્તાન તરફ ટાર્ગેટ કરીને હુમલાની શરૂઆત કરી હતી. ૨૦૧૬માં ઉરી ત્રાસવાદી હુમલા બાદ સર્જિકલ સ્ટ્રાઈક, ફેબ્રુઆરી ૨૦૧૯માં પુલવામા હુમલા બાદ એરસ્ટ્રાઈક અને હવે તોપથી હુમલો કરીને ભારતે ત્રીજી સ્ટ્રાઈકને અંજામ આપ્યો છે. પાકિસ્તાન પહેલાથી જ જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબૂદીને લઈને હચમચી ઉઠ્યું છે ત્યારે કાશ્મીરમાં અંધાધૂંધી ફેલાવવાના તેના પ્રયાસો જારી રહ્યા છે. પોકમાં સેનાએ હુમલો કરીને ત્રાસવાદીઓનો ખાત્મો

● અનુસંધાન પાન-૭ પર

# આજે મહારાષ્ટ્ર-હરિયાણામાં મતદાન

નવીદિલ્હી, તા. ૨૦ રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે હરિયાણા અને મહારાષ્ટ્રમાં આવતીકાલે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. બંને રાજ્યોમાં એક જ તબક્કામાં મતદાન યોજાઈ રહ્યું છે. બંને રાજ્યોમાં મતદાનની સાથે સાથે લોકસભાની બે અને ૧૭ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશને આવરીલેતી વિધાનસભાની ૫૧ સીટો માટેની પેટાચૂંટણી પણ આવતીકાલે યોજાનાર છે. મતદાનને લઈને તમામ તૈયારી ચૂંટણી પંચ દ્વારા પૂર્ણ કરી લેવામાં આવી છે. બંને રાજ્યોમાં ભાજપ અને કોંગ્રેસ સહિતના તમામ

● અનુસંધાન પાન-૭ પર














